R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા


email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 20 DATE: 17-05-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )


If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭



લોકસભાની ચુંટણીમાં ગાંધીનગર ખાતેથી પોતાની ઉમેદવારી અંગે શંકા વ્યક્ત કરતાં આખરે તેમણે ચુંટણીમાં ઝંપલાવ્યું હતું.ગાંધીનગરના મતદારોએ આખરે મોદી લહેરમાં પોતાનો મત અડવાણીની તરફેણમાં આપીને તેમને જીતાડ્યા છે.જો કે ચુંટણી માહોલ દરમિયાન તેમના માટે ભાજપના કાર્યકરો ઉપરાંત મતદારોમાં અસંતોષ જણાતો હતો.પરંતુ શ્રી અડવાણીજી આખરે ગાંધીનગર વિસ્તારના સાંસદ તરીકે ચુંટાઇ આવ્યા છે.

## ગુજરાતની લોકસભાની તમામે તમામ ૨૬ બેઠકો પર મોદી લહેર લાગી અને ભાજપે આ બેઠકો કબજે કરી



અમદાવાદ પુર્વના વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના અને ગુજરાતના મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે પરેશ રાવલે ફોર્મ ભર્યું ત્યારે ભાજપના કાર્યકરોમાં એટલો ઉમળકો દેખાતો નહોતો. આ ઉપરાંત વર્ષોથી ચુંટાઇ આવતા આ વિસ્તારના સાંસદ હરિન પાઠકને ટીકીટ નહી મળતાં તેમના સાથીઓમાં પણ નિરાશા હતી. જો કે પરેશ રાવલ ચુંટણીમાં જંગી બહુમતી થી ચુંટાઇ આવ્યા તે પરથી એવું ફલિત થયું કે તેમની પસંદગી જેમણે કરી હતી તે યોગ્ય હતી તેવું પુરવાર થયું હતું.

## અરવિંદ કેજરીવાલે વારાણસીમાં નવા ઉમેદવાર છતાં નરેન્દ્ર મોદી સામે સારો દેખાવ કર્યો

જ્યાં આખા દેશમાં મોદી લહેર, અને અબકી બાર મોદી સરકારના બુલંદ પ્રચાર પ્રસાર સામે આમ આદમી પાર્ટીના વારાણસી ખાતે નરેન્દ્ર મોદી સામે બાથ ભીડાવવા ઉભા રહેલા ઉમેદવાર અરવિંદ કેજરીવાલે વારાણસી ખાતે એકદમ નવા ઉમેદવાર હોવા છતાં સારો દેખાવ કર્યો તેમાં લેશમાત્ર શંકા નથી.વારાણસી ખાતે અન્ય ઉમેદવારોમાં કોગ્રેસના ઉમેદવારા રાય તે વિસ્તારના ધારાસભ્ય અને અન્યોનો ટેકો ધરાવતા હોવા છતાં તેઓ કેજરીવાલ કરતાં ઘણા પાછળ રહી ગયા હતા. જો કે મોદી ને સારા પ્રમાણમાં મતો મળ્યા હોવાથી તેમની જીત નિશ્ચિત હતી પરંતુ લડાઈમાં એક તરફી બની નહોતી.અરવિંદ કેજરીવાલે લોકસભાની ચુંટણીઓમાં પ્રથમવાર તેમના પક્ષને ઉતારીને તેમણે ચાર લોકસભાની સીટો મેળવી છે.



## અબકી બાર બન ગઇ મોદી સરકાર : મોદી લહેર ચાલી ગઇ : ભાજપનું સ્વપ્ન સિધ્ધ થયું

ચુંટણીનો માહોલ દેશભરમાં વ્યાપક બન્યો ત્યારથી એક સુત્ર પ્રચલિત બન્યું હતું અને તે હતું અબકી બાર મોદી સરકાર.જે ખરેખર ચુંટણી પરિણામો આવ્યા બાદ વાસ્તવિક બન્યું છે.

ગુજરાતમાં વિધાનસભામાં ભાજપને સત્તાના સુત્રો હાથવગા કરાવવામાં તેમનો બહુમુલ્ય ફાળો હતો.૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે પ્રથમવાર સત્તાના રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.૨૦૦૨,૨૦૦૭ અને ૨૦૧૨માં વિધાનસભામાં ચુંટણીઓમાં વિજય પ્રાપ્ત કરીને પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી.ગુજરાતમાં વિરોધપક્ષને લગભગ સીમીત પરિધમાં લાવી દીધો.૨૦૧૪ની લોકસભાની ચુંટણીઓમાં તેમણે એકલે હાથે આખા દેશમાં ચુંટણી પ્રવાસો યોજ્યા અને ભાજપ લગભગ રાજકીય પક્ષ તરીકે ભુતકાળ બની જવા લાગ્યો હતો તેને બેઠો કર્યો.તેમના પક્ષના કેટલાક નેતાઓને તેમની આ નીતિ ગમતી નહોતી.પરંતુ તેમણે તેમન દરકાર લીધા વગર પોતાના સખ્ત પરિશ્રમથી વિરોધીઓને ખરેખર દાબી દીધા.ચુંટણી માત્ર મોદી વિરુધ અન્યોની બની ગઈ.છેવટે પરિણામોએ તેમને બહુમતી એવી આપી કે તેમને કોઈની તમા રાખવાની જરુર જ ન પડે.

લોકસભાની ચુંટણીમાં સહુ પ્રથમવાર કોઈ એક પક્ષને આટલી મોટી જંગી બહુમતી મળી હોય તેવી પ્રથમ ઘટના ઈતિહાસને પાને લખાઈ ગઈ. માત્ર થોડા કલાકના સમય બાદ



તેઓ ભારતના વડાપ્રધાન બનશે. તેમણે પોતાને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરીને સાબિત કરી બતાવ્યું કે તેઓ વડાપ્રધાન બનવાને જ લાયક ઉમેદવાર હતા.દેશના મતદારોએ પણ તેમની આ ખ્વાહીશને પુરા મનથી સાથ આપ્યો અને તેમને જંગી બહુમતીથી જીતાડી દીધા.ગુજરાત,રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જ્યાં કોઈપણ પક્ષને આટલી બધી સીટો મળી ના શકે તેવા સંજોગોમાં સૌથી વધુ સીટી મેળવી અને પોતાની જીત પાકી કરી. તેમના આ કામમાં અનેક સહભાગીઓ છે તેમાં કોઈ ના કહી શકે તેમ નથી પરંતુ તેઓની શક્તિને તેમણે ઓળખીને આ ભારે કાર્યક્રમમાં તેમની શક્તિઓનો ભરપુર ઉપયોગ કર્યો.

ગુજરાતના વડોદરા શહેરે તેમને સૌથી વધુ મતો આપીને વિજયી બનાવ્યા પરંતુ તેઓ આ સીટ ખાલી કરીને માત્ર વારાણસીની સીટ ઉપરથી પોતાની ઉમેદવારી ચાલુ રાખશે.યુપીનું દેશના રાજકારણમાં સૌથી વધુ મહત્વ રહ્યું છે તેને નજરઅંદાઝ ના કરી શકાય તેવા હેતુથી તેમનો આ નિર્ણય હોઈ શકે છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાતની લોકસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ તમામે તમામ સીટો અંકે કરીને ભગવો ઝંડો લહેરાવી દીધો.કોંગ્રેસના દિગ્ગજ ગણાતા નેતાઓને કારમી હાર ખમવી પડી છે.જો કે તેમની સામે માત્ર મોદી લહેર જ ચાલી ગઇ છે તેમ કહેવુ ંપણ ખોટું નથી.જે રીતે આખા દેશમાં મોદી લહેર, અને અબકી બાર મોદી સરકારના સુત્રનો જાદુ છવાઇ ગયો તેના ધોડાપુરમાં કોંગ્રેસના દિગ્ગજજો તણાઇ ગયા.

પોરબંદરની એકમાત્ર સીટ એનસીપીને ફાળે ગઇ હતી. આ સીટ પરથી ભુતપુર્વ કોંગ્રેસના સાંસદ વિઠ્ઠલ રાદડીયા અને કાંધલ જાડેજા બે બાહુબલીઓ વચ્ચેનો જંગ હતો.એનસીપીને એવી ખાત્રી હતી કે તેઓ કદાચ આ સીટ મેળવી જશે પરંતુ મોદી લહેરમાં તેમના બાહુબલીનો પરાજય થયો હતો.

સહુથી મોટા આશ્ચર્યની બાબત એ છે કે યુપીમાંથી માયાવતીના પક્ષને એકપણ સીટ મળી નથી. પરંતુ પશ્ચિમ બંગાળમાં મમતાજીએ તેમનો ગઢ મજબુત રાખ્યો,તામીલનાડુંમાં જય લલીતાએ પણ પોતાની ગઢ મજબુત રાખ્યો અને ઓરિસ્સામાં નવીન પટનાયકે પણ પોતાનું વર્ચસ્વ મોદી લહેરમાં પણ મજબુત રાખ્યું.જો આ દિગ્ગજોના ગઢોમાં મોદી લહેરથી ગાબડા પડ્યા હોત તો એવી બહુમતી ઉભી થાત જે એક સરમુખ્યતાર પેદા કરી શકે.

મુલાયમસિંહ યાદવ, યુપીમાં, બિહારના મુખ્યમંત્રી પણ પોતાનું વજુદ ઉભુ રાખવામાં નિષ્ફળ ગયા છે. આ ચુંટણીઓમાં હવે નિષ્ફળતા બાબતે કોઇ ચર્ચા કરવાનો અવકાશ બાકી રહેતો નથી.માત્ર મંથન કરવાનું બાકી રહે છે કે આવનાર દિવસોમાં તમામ પક્ષોએ કેવી રીતે પોતાને તૈયાર કરવો જેથી મોદી સરકાર સામે અસરકારક બની શકાય.

૨૧મી તારીખ બાદ વડાપ્રધાન પદનો કાર્યભાર મોદી સંભાળશે ત્યારબાદ તેમને દેશના અનેક મુશ્કેલ પ્રશ્નો સાથે નિપટવાનો વારો આવશે. દેશના મતદારો પણ તેમની પાસે જાદુઇ છડી દ્વારા દેશના ઉધ્ધાર કરવાની અપેક્ષા લઇને બેઠેલો છે.તેથી તેમણે અનેક કઠીન પ્રયાસોનો સામનો કરવાનો છે. પાડોશી દેશો સાથે તેમણે ખુબજ સાવધાનીપુર્વક કામગીરી કરવાની રહેશે.કારણકે ભારતીય જનતા પાર્ટીની મુસ્લીમ વિરોધી હોવાની છાપ બહુ જુની છે. જો કે મોદીએ આ ચુંટણી દરમિયાન મુસ્લીમ મતદારોને રીઝવવા માટેના અથાગ પ્રયત્નો કર્યા છે. તેમજ બાજપાઇ જેવી છબી ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ તે આવનાર સમય બાદ જ લોકોને ખબર પડી શકશે.તેઓ ગમે તેટલા સ્પષ્ટ બને પરંતુ તેમના ટેકેદારો આ બાબતે હજુ પણ સ્પષ્ટ નથી.તેથી તેમને આંતરિક અને બાહ્ય બેઉ બાજુ મુકાબલો કરવાનો રહેશે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને શિડ્યુલ કાસ્ટની માન્યતા આપવાની બાબતનો સમાવેશ



ખ્રિસ્તી નેતાગીરીએ જેમાં રેવ ડો.રોજર ગાયકવાડ, જનરલ સેક્રટરી,એનસીસીઆઇ,મી.સેમ્યુલ જયકુમાર, એક્ઝીક્યુટીવ સેક્રેટરી, કમિશન ઓન પોલીસી,ગર્વનન્સ એન્ડ પબ્લીક વિટનેસ, એનસીસીઆઇ, વિગેરેએ કોંગ્રેસ પક્ષે લોકસભાની ચુંટણીને અનુલક્ષની ચુંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો તેમાં દલિત ખ્રિસ્તીઓ અન મુસ્લીમોને શિડ્યુલ કાસ્ટના દરજ્જાને માન્યતા આપવા બાબતે પોતાની સહમતી જાહેર કરી હતી.કેટલાક દિવસો પહેલાં આ સબ મેનીફેસ્ટો બહાર પાડવામાં આવ્યો હતો જેમાં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.જેમાં એમ જણાવાયું હતું કે હિંદુ શિડ્યુલ કાસ્ટ અને બીજા જે પ્રકારના અધિકારો બંધારણમાં અપાયા છે તેજ પ્રમાણેના અધિકારો દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને મળે માટે કોંગ્રેસ પક્ષની સંમતિ છે.હાલના કાયદામાં આ જોગવાઇ નથી.

દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોના સંગઠનો કેટલાક વર્ષોથી તેમને આ હક્ક મળે માટે સરકાર પાસે માંગણી કરી રહ્યા છે.આ ઉપરાંત રંગનાથ મિશ્રા કમિશને પણ આ હક આપવા માટે ભલામણ કરેલી છે.ડો. ગાયકવાડે જણાવ્યું હતું કે અમો રાહ જોવા તૈયાર છીએ,જો કોંગ્રેસ વિરોધ પક્ષમાં હશે તો પણ,તેમજ અમોને એ ગમશે કે તેઓ અમારી માંગણીને ટેકો આપશે.નામદાર કોર્ટે સરકારને આ બાબતે તેમનો મત જણાવવા કહ્યું હતું પરતું સરકાર મૌન રહી હતી.૨૦૧૩ ડિસેમ્બરમાં દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમો તેમના અધિકાર માટે કાઢેલી રેલીને પોલીસ માર પણ માર્યો હતો.ડો. જોન દયાલ, સેક્રટરી જનરલ,ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે જણાવ્યું હતું કે સરકાર પાસે કહેવા માટે કંઇ નથી.પરંતુ તેઓ એસસીને એમ કહેશે કે દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને બંધારણીય અધિકાર જે પ્રમાણે હિંદુ દલિતો,શીખ અને બુધ્ધિષ્ઠો ને મળ્યા છે તે પ્રમાણે મળશે.

ગત ડિસેમ્બરમાં બધાજ ખ્રિસ્તી નેતાઓએ ભેગા મળીને આ માંગણી કરી હતી.પરંતુ તેઓની પર આ જ સરકારે લાઠી ચાર્જ કર્યો હતો, વોટર કેનનથી પાણીનો મારો ચલાવ્યો હતો.અને ધરપકડ કરી હતી. પરંતુ વડાપ્રધાને આ બાબતે કંઇક કરવાની આશા આપી હતી.એ પ્રમાણે કોંગ્રેસે પોતાની નિતી બદલી પણ છે.

**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એકસ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

# ૨૦ વર્ષ પહેલાં રેવાન્ડામાં થયેલ સામુહિક હત્યાકાંડ ( જીનોસાઇડ) આજપણ હૃદયને હચમચાવી મુકે છે



કતારબંધ મુકવામાં આવેલ અસ્થિઓ અને ખોપરીઓ રેવાન્ડાના એક મ્યુઝીયમમાં રખાયેલ છે. ૧૯૯૪માં નયારુબુયે,ઈસ્ટન રેવાન્ડામાં થયેલ સામુહિક હત્યાકાંડ જેને જેનોસાઇડ તરીકે વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો હતો.

વીસ વર્ષ પહેલાં રેવાન્ડામાં થયેલ સામુહિક હત્યાકાંડ જેનોસાઇડમાં મૃત્યુ પામેલા લોકોના અસ્થિઓ અને તેમની ખોપરીઓ એક સંગ્રહસ્થાનમાં રાખી મુકવામાં આવી છે.૧૯૯૪માં થયેલ હત્યાકાંડ ચર્ચમાં આદરાયો હતો.

એપ્રિલ ૭,ને હંમેશના માટે ઈતિહાસમાં યાદ રાખવામાં આવશે,કારણકે રેવાન્ડામાં વીસ વર્ષ પહેલા થયેલ સીવીલ વોરમાં લગભગ આઠ લાખ લોકોની હત્યા કરવામાં આવી હતી.એક ભયાનક કૃત્યે સમગ્ર દેશ અને વિશ્વને હચમચાવી મુક્યા હતા.આજે પણ આ ભયાનક બનાવોની અસરો રહી ગઈ છે.રેવાન્ડામાં થયેલ સીવીલ વોરની પાછળ રહેલા કારણો તરફ નજર કરીએ તો હુતુ દ્વારા ચલાવાતી સરકારી પક્ષ, અને તુત્સી મેજોરેટી રેવાન્ડન પેટ્રોએટીક ફ્રંન્ટ વચ્ચે સત્તા માટે ચાલેલી લડતમાં સામાન્ય લોકોનો દાટ વાળી દેવાયો હતો.રેવાન્ડાના પ્રમુખ જુવેનલ હેબયરીમાના નું એક વિમાની દુર્ઘટનામાં નિધન થયું.૬ એપ્રિલ ૧૯૯૪ના રોજ તેમના વિમાનને તોડી પાડવામાં આવ્યું.અને ત્યાર બાદ સત્તાની પ્રાપ્તિ માટે સંઘર્ષ થયો.હુતુસે સત્તા માટેની લડત શેરીઓમાં લઈ જઈને હિંસાઓ આચરી.અને ત્યારબાદ ૧૦૦ દિવસ સુધી આ સીવીલ વોર ચાલી તેમજ જીનોસાઈડ થયું.કેન આઈઝેક, વાઈસ પ્રેસિડેન્ટ, પ્રોગ્રામ અને ગર્વ.રીલેશન્સ ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ચેરીટી સમારીટન પર્સ,આ દરમિયાન રેવાન્ડાનો પ્રવાસ કર્યો અને જેનોસાઈડના સાક્ષી બન્યા.તેમણે હૃદય તોડી નાંખે તેવો નજારો નજરોનજર નિહાળ્યો.હું એ દિવસને યાદ કરુ છુ જ્યારે અમે રેવાન્ડામાં હંકારી ગયા.અમે માત્ર બે જ વ્યક્તિઓ કારમાં હતા.તેવું તેમણે કહ્યું.અમો તરતજ પાછા વળ્યા કારણકે ત્યાં કોઈપણ પ્રકારનો અવાજ આવતો નહોતો.સ્મશાન જેવી શાંતિ હતી.કોઈપણ પક્ષીઓનો કલરવ નહોતો, કુતરાઓનો અવાજ નહોતો આવતો, અને કોઈપણ લોકોની અવરજવર ત્યાં દેખાતી નહોતી. આ તો હોલીવુડના ફિલ્મના લેન્ડસ્કેપ જેવું લાગતું હતું કે કોઈપણ વ્યક્તિ કે અવાજ નહોતો કે કોઈ અભિનેતા ત્યાં નહોતો.

તેમના સમય પ્રમાણે કેન તાન્ઝાનીયા અને રુતેર માટે ચાલતા રેફયુજી કેમ્પમાં ઓતપ્રોત હતા.જ્યાં સમારીટન પર્સ દ્વારા મેડીકલ કેર, ફુડ અને પાણી,પુરા પાડવામાં આવી રહ્યા હતા.તેમજ અનાથ બાળકો માટે તેમને સાચવવા માટે કોઈ કાર્યક્રમ બનાવવાની યોજના હતી.તેમના સાથે કાર્યકરોની ટીમે એક સેન્ટ્રલ હોસ્પીટલ કીગલી ખાતે ખોલી હતી.બધા ઓરીજનલ ડોકટર્સ,નર્સ, અને દર્દીઓને મારી નાંખવામાં આવ્યા હતા તો કેટલાક ભાગી છુટ્યા હતા. તેમને યાદ છે કે તેમણે અસંખ્ય શબોને હટાવ્યા હતા.આ મૃતકોને ક્રુરતાપુર્વક મારી નંખાયા હોવાનું જણાવતા હતા.

અમોએ એક દેવળ બાંધ્યુ હતું.અમોએ બચી ગયેલાઓ પાસેથી ભયાનક મોતની વાતો સાંભળી હતી,તેવું કેને જણાવ્યું હતું.૨૦ વર્ષ બાદ પણ રેવાન્ડાના લોકો આ આઘાતમાંથી બહાર આવ્યા નથી.આ ક્રુરતાપુર્વક આચરાયેલ હત્યાઓથી તેઓ હજુ પણ આઘાતમાં છે.

એલેક્ષ નસંગીમાના નામની એક વ્યક્તિએ રેવાન્ડન જીનોસાઈડમાં પોતાનું આખુ કુટુંબ ગુમાવ્યું હતું. ત્યારે તે છ વર્ષનો હતો.પરંતુ જ્યારે તે મોટો થયો અને માફી આપવાને લાયક બન્યો ત્યારે તોણે આ ખુનીઓને માફ કરી દીધા.જ્યારે આ હત્યાકાંડ ચાલતો હતો ત્યારે એલેક્ષ તેના ભાઈ અને બેનની સાથે છુપાઈ ગયો હોવાથી બચી જવા પામ્યો હતો.પરંતુ તેના દાદી અને કાકા હત્યારાઓના શિકાર બની ગયા હતા.એલેક્ષે તેમના વડીલોની ધાતકી હત્યા નજરોનજર નિહાળી હતી.એલેક્ષ અને તેના ભાઈબેન સાથે તેઓ કીગલી ખાતે તેની માસીને શોધવા ગયા હતા.પરંતુ શહેરમાં ચાલી રહેલ હત્યાકાંડના માહોલમાં તેમને શોધવા અશક્ય લાગ્યા હતા.જીવન બચાવવું આ સમય દરમિયાન અઘરુ હતું.તેમજ કઠીન પણ હતું.પરંતુ તેણે જણાવ્યુ હતું કે તે ઈશ્વર પર ભરોસો રાખતો હતો.અને આ ભયાનક દિવસોમાં તેણે તેમની સંભાળ રાખી હતી.એક દિવસ ઈશ્વરે તેમને નવું જીવન આપ્યું. એક આતંકી હાથમાં રહેલ બંધુકમાંથી ગોળીઓ છુટી નહી અને તે અને તેના અન્ય કુટુંબીઓ બચી જવા પામ્યા.અમારી પાસે જે કંઈ હતું તેને પેક કરીને અમો રેવાન્ડાની ટેકરીઓના વિસ્તારમાં સલામતી શોધવા ચાલ્યા ગયા.રાત્રી દરમિયાન અમો જ્યા આશરો અને સલામતી લાગે ત્યાં સુઈ રહેતા હતા.

તુત્સી મેજોરીટી રેવાન્ડન પેટ્રોઓટીક ફ્રંટ દ્વારા સલામતી અપાતા અને એક અનાથાશ્રમ સુધીતેઓ પહોચી શક્યા.જ્યાં એલેક્ષ સહુ પ્રથમ વાર ઈસુના સંપર્કમાં આવ્યા,ત્યાં તેને ઓપરેશન ક્રિસમસ ચાઈલ્ડ આઉટરીચ પ્રોગ્રામ જે સમારીટન પર્સ દ્વારા ચલાવાય છે તે દ્વારા એક ભેટમાં બોકસ મળ્યું.સાત વર્ષના આ બાળકને કે જે રેવાન્ડાના અનાથાશ્રમમાં આશરો લઈ રહ્યા હતો તેને શુબોક્ષની ભેટ દ્વારા જીવનમાં આશાનો સંચાર થયો.તેણે કહ્યું કે હું એવા લોકોને જાણવા માંગું છું કે જેઓ બાળકોના જીવનમાં ખુબજ સરળતાથી પરિવર્તન લાવી શકે છે.આ એક એવી આશા હતી કે જેણે એલેક્ષના જીવનમાં આમુલ પરિવર્તન કર્યું. તેને એક અમેરિકન કુટુંબ દ્વારા દત્તક લેવામાં આવ્યો અને તેને અમેરિકા ખસેડવામાં આવ્યો. જ્યાં તેણે પોતાના જીવનમાં શાંતિનો અહેસાસ કર્યો, જો કે તેના બાળપણમાં તેણે અસંખ્ય મુશ્કેલીઓમાંથી પસાર થવુ પડ્યું હતું. તેણે કહ્યું કે મારા વતનમાં એટલે કે રેવાન્ડીયન લોકો હજુ સુધી અત્યંત મુશ્કેલીઓનો સામને કરી રહ્યા છે અને જીનોસાઈડનો આઘાત હજુ પણ તેઓ ભોગવી રહ્યા છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

# બ્રિટીશ પાકિસ્તાની ખ્રિસ્તીઓ દ્વારા ધર્મનિંદાના કાયદાનો ડાઉનીંગ સ્ટ્રીટ ખાતે વિરોધ




બ્રિટીશ પાકિસ્તાની ખ્રિસ્તીઓ દ્વારા બ્રિટનના વડાપ્રધાનની ઓફીસ ડાઉનીંગ સ્ટ્રીટ ખાતે પાકિસ્તાનમાં ધર્મનિંદાના કાયદાને દુર કરાવવા માટે વિરોધ દર્શાવ્યો હતો.બ્રિટીશ વડા પ્રધાન પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફને મળ્યા હતા.ત્યારે ડાઉનીંગ સ્ટ્રીટ ખાતે પાકિસ્તાની ખ્રિસ્તીઓએ પાકિસ્તાનમાં ધર્મનિંદા ના કાયદાની ઓઠ હેઠળ લઘુમતી ખ્રિસ્તીઓને થતી હેરાનગતિ બંધ કરવા માટેમાંગણી કરાઈ હતી. આ કાયદાના દુરપયોગ કરીને પાકિસ્તાનમાં ખ્રિસ્તીઓને જેલમાં ધકેલી દેવામાં આવે છે.આ કાયદામાં ડાયરેકટ કે ઈનડાયરેકટ કોઈપણ વ્યક્તિ હોલી પ્રોફેટ મંહમદ સાહેબના નામ સાથે કોઈ પણ બાબતની વાત કરે તો તેને ધર્મનિંદા ગણીને દંડ,આજીવન કારાવાસ અને મૃત્યુદંડની સજા કરવામાં આવે છે.હવે પાકિસ્તાનમાં ધર્મનિદાના કાયદા હેઠળ અનેક ખ્રિસ્તીઓને દંડવામાં આવ્યા છે. પરિણામે દેશમાં કોમી તનાવ વધ્યો છે.લઘુમતીઓ સતત ભયમાં જીવી રહ્યા છે.તેઓની સામે કોઈ પણ દંડાત્મક કાર્યવાહી થશે તેવી ભીતી સેવી રહ્યા છે. હ્યુમન રાઈટ્સ ગ્રુપના જણાવ્યા પ્રમાણે કટ્ટરવાદી મુસ્લીમો દ્વારા વારંવાર આ કાયદાનો દુરપયોગ કરવમાં આવી રહ્યો છે.પોતાના અંગત સ્વાર્થો માટે પણ આ કાયદાનો દુરપયોગ થઈ રહ્યો છે.કન્ઝરવેટીવ હોમના આર્ટીકલમાં એમપી ગીલીન્ગહામ અને રેનહામ રેહમાન ચિસ્તી લખે છે કે ધર્મનિદાના કાયદા હેઠળ કેસોમાં વધારો થયો છે.છેલ્લા ૧૫ વર્ષોમાં ૧૨૭૪ લોકો પર આ કાયદા હેઠળ કેસો કરવામાં આવ્યા છે.તેથી વિદેશોમાં પણ પાકિસ્તાનની ઈમેજ ખરડાઈ છે.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: જહોન એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# બાળકને સામાજિક કેવી રીતે બનાવશો ?

થોડા સમય પુર્વે અમદાવાદમાં એક શાળામાં કેટલાક શિક્ષકો ચર્ચા કરવા એકઠા મળ્યા હતા.ચર્ચાનો વિષય હતો બાળકોમાં ઘટતા જતા મુલ્યોના સિંચન માટે શાળા અને ઘર શુ કરી શકે ?જેમાં આજનું બાળક સામાજિક ઓછું અને સ્વાર્થી વધુ જોવા મળે છે. એવો એક સુર નીકળ્યો હતો.તે માટે ચર્ચા થઈ જેમાં શિક્ષકોનું માનવું હતું કે , કેટલાંક બાળકો ખુબજ સામાજિક હોય છે.જ્યારે કેટલાંક બાળકોમાં સામાજિકતા જેવું સહકારની ભાવના જેવું કશુંય દેખાતું જ નથી.એકલા અટુલા બેઠેલા બાળકો કે કોઈને મદદ કરવાની વાત કરીએ ત્યારે તેમના મોઢા પરના નકારાત્મક ભાવ જોઈને દુઃખ થાય છે. ત્યારે બાળકનો સામાજિક બનાવવા માટેના કેટલાક ઉપાયો આ શિક્ષકોએ આપ્યા હતા.

સામાજિકતાનો અર્થ આપતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે પારસ્પરિક સહકારની ભાવના એટલે સામાજિકતા. પોતાની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સમાજ માટે કરવો એટલે સામાજિકતા. ધ્યેય કે કાર્ય સફળતાપુર્વક પુર્ણ થાય તે માટેની જરુરી મદદ. સમાજના મુલ્યોનું જતન કરીનો સામાજોપયોગી બનાવાની ભાવના.

બાળક શાળામાં અને ઘરમાં કેવા વર્તન કરે તો આપણે તેને સામાજિક કહીશું ? પોતાના સહાધ્યાયીઓને મદદ કરતો હોય, અભ્યાસમાં કે અન્ય બાબતે નબળા વિદ્યાર્થીને મદદ કરતો હોય,જુથકાર્ય દરમિયાના મદદરુપ થતો હોય,જુથમાં કે પ્રવાસ પર્યટન,પ્રાર્થના સંમેલન કે શ્રમકાર્ય દરમિયાન એકબીજાની સાથે હળીમળીને રહેવાની કામ કરવાન ભાવના હોય. શાળા રિસેસ દરમિયાન સમુહમાં નાસ્તો કરે. મિત્રોમાં વધુ પ્રિય હોય, ઘરમાં વાલી અને ભાઈ બહેનને મદદરુપ બનોત હોય,મહેમાનોને આવકાર આપે,યોગ્ય રીતે વાતચીત કરે. ઘરમાં કોઈ બિમાર હોય ત્યારે તેની ભુમિકા અદા કરે.સમાજમાં યોજાતા કાર્યક્રમોમાં ભાગ લે. જાહેરમાં સામાજિક કાર્ય કરવા શરમ સંકોચ ન અનુભવે. પડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવા શરમ સંકોચ ન અનુભવે. પાડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવાની વૃત્તિ હોય. બીમાર પશુ-પંખીને મદદરુપ થાય.કુદરતી આપત્તિ સમયે પોતાની ભુમિકા અદા કરે.જેમકે ફાળો એકત્ર કરવો, કપડાં કે જરુરી ચીજવસ્તુ એકત્ર કરવા શારીરીક મદદ કરવી વિગેરે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

શાળા કે ઘરમાં ચોક્કસ પ્રકારના સુત્રો વારંવાર બોલવામાં આવે કે બાળક વાંચી શકે તેમ લખવામાં આવે તો પણ બાળક સામાજિક બનશે. કેમકે જગ સુખી તો હું સુખી. વિના સહકાર, નહી ઉધ્ધાર, ઝાઝા હાથ રળિયામણા. પહેલા ફરજ,પછી હક્ક. સહકાર સૌને ગમે. હું હંમશા બીજાને મદદ કરતો રહીને મારા જન્મને સાર્થક બનાવીશ. બાળકને સામાજિક બનાવવા તેની સમક્ષ કેટલાંક ઉદાહરણો પણ વારંવાર રજુ કરવા જોઈએ કે જેમાં તે પ્રેરણા લે. જેમકે ગાંધીજી,સરદાર વલ્લભભાઈ પટેલ,રાજા રામમોહનરાય, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ વગેરેના જીવનના અનેક પ્રસંગો છે.ઉપરાંત આપણી આસપાસના વિસ્તારમાં અનેક સામાજિક સેવાકાર્ય કરતી સંસ્થાઓ છે.તેના ઉદાહરણ આપી શકાય તેમજ તેની મુલાકાત પણ લઈ શકાય. આપણા પરિચિતો દ્વારા કોઈ સામાજિક સારુ કાર્ય થયુ હોય તો તેમાં તેના ઉદાહરણોની મોટી અસર થશે.

બાળકને સામાજિક બનાવવા માટે શાળા માં અનેક પ્રવૃત્તિઓ કરી શકાય.જેમકે શાળામાં સમાજ સેવા સમિતિ બનાવવી. જે સામાજિક કાર્યો વિદ્યાર્થીની મદદથી જ કરે.આર્થિક રીતે નબળા વદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્રીત કરવું. જરુરીયાતમંદ બાળકોને પુસ્તકો, ગણવેશ મળી રહે તેવા પ્રયત્નો કરવ. શાળામાં સામાજિક કાર્યકરોને આમંત્રણ આપવું.કુદરતી આપત્તિ સમયે જરુરી મદદરુપ થવા શક્ય હોય તો વિદ્યાર્થીને સાથે રાખીને જવું.સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીનું જાહેરમાં સન્માન કરવું. શિક્ષકે પોતાના અધ્યાપન દરમિયાના સામાજિક પ્રવૃત્તિઓ અનો વ્યક્તિઓના યથાયોગ્ય ઉદાહરણો આપવા. શિક્ષકે પણ અવારનવાર સામાજિક કાર્યક્રમોમાં જોડાવું અને શાળામાં તેનો ઉલ્લેખ કરવો. વાલી સાથે પુરા આદરથી વાતચીત કરવી અને શક્ય મદદ કરવી.બાળકને સામાજિક બનાવવા માટે વાલીનો સહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા.શાળામાં વિદ્યાર્થીઓનો એકબીજાની વધુ નજીક આવે, એકબીજાનો મદદરુપ થાય તેવા સામુહિક કાર્યક્રમો ગોઠવવા. શિક્ષકોએ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં ઉદાહરણ બેસાડવા.

શાળા અને શિક્ષકના પ્રયત્નો ત્યાં સુધી અધુરા રહેશે જ્યાં સુધી વાલીનો સહકાર નહીં મળે.માટે જ વાલીઓ પણ બાળકનો સામાજિક બનાવવાના કેટલાક કાર્યો ઈરાદાપુર્વક કરવા પડશે. જેમકે ઘરમાં દરેક સભ્ય એકબીજા સાથે યોગ્ય વર્તન કરે અને પોતાની લાગણી પ્રદર્શિત કરે તે માટેના પ્રયત્નો કરે.ઘર કે પડોશમાં જ્યારે પણ અન્યને મદદરુપ થઈ શકાય તેમ હોય ત્યારે તે કામ અવશ્ય કરવું જ. પાડોશી અને સગાં સાથે યોગ્ય નમ્રતાપુર્ણ વ્યવહાર કરવો અને જરુર પડે ત્યારે દોડી જવું.પોતાનું બાળક સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન આપવું અને બાળક જ્યારે સામાજિક કાર્ય કરે ત્યારે તેના વખાણ કરવા, અન્ય વ્યક્તિની હાજરીમાં પણ વખાણ કરવા.આપણી આસપાસ આવેલી સામાજિક સંસ્થાની મુલાકાત બાળકને સાથે રાખીને લેવી.સમાજમાં જરુર પડે ત્યારે મદદ માટે જવું શક્ય હોય તો બાળકને સાથે રાખવો અથા સમગ્ર કાર્યની વાત કરવી.આપણા પરિચિતોને ત્યાં આવતાં પ્રસંગોમાં જરુરી મદદ કરવી અને બાળકને પણ તેની ઉમર પ્રમાણેના કામ સોપવા. સ્વાર્થ અને સહકારમાં ક્યાં નુકશાન અને ક્યાં ફાયદો છે તે સમજાવવું. જીવનમાં આગળ વધવા અને વધારવા સહકાર એક અગત્યનું પરિબળ બની શકે તે સમજાવવું. ઘરમાં બાળકને સામાજિક કાર્યો કરવાનો સમય મળી રહે તેવું આયોજન કરવું.

શાળાએ પણ વાલીને અવારનવાર શાળામાં બોલાવીને વાલી મીટીંગ કરવી.જેમાં તેમના બાળકના સર્વાંગી વિકાસ માટે કેવા પ્રયત્નો શાળા કરી રહી છે તે જણાવવું અને સાથે તેમનો સહકાર માંગવો.ઉપરાંત શાળાને મદદરુપ થઈ શકે તેવા વાલીઓનો સહકાર અવશ્ય લેવો.તેમજ તેમને અવારનવાર જાહેરમાં બિરદાવવા. કોઈ વાલીએ સામાજિક ઉત્કૃષ્ટ કામ કર્યું હોય તો તેની જાણ શાળાના તમામ વાલીને થાય તેવા પ્રયત્નો કરવા. જેની નોંધ અન્ય વાલી લેશે અને તેમને પ્રેરણા મળશે.ટુંકમાં આજના બાળકમાં સામાજિકતા ઘટતી જાય છે તે ચિંતાનો વિષય છે.જે શાળા-શિક્ષક,વાલી અને સમાજે જાગૃત બનીને પ્રયત્નો કરવા પડશે. ઘર કે શાળા કે સમાજમાં એવા કાર્યો અને વિચારોનો પ્રસાર થવો જોઈએ કેજેમાંથી બાળક પ્રેરણા લઈને સામાજિક બને.આજે તો એવાં કેટલાંય ઘર જોવા મળે છે કે જ્યાં વાલી નોકરી ધંધે ગયા હોય ત્યારે બાળકને ઘરમાં લોક મારીને પુરીને જાય છે.આવુ બાળક કેવી રીતે સામાજિક બની શકે ?એવા પણ કુટુંબો છે જ્યાં બાળકનો ઘર બહાર નિકળવાની પરવાનગી ભાગ્યે જ મળતી હોય છે. આવા બાળકને સામાજીકતા એટલેશું તેનો ખ્યાલ ક્યાંથી હોય?

લેખક : ડો. અશોક પટેલ
(સૌ.સંદેશ)

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.